# આગામી દિવસોમાં માવઠાની શક્યતા

ગાંધીનગર, તા. ૨

હાલમાં ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે અને ગરમી અનુભવાઈ રહી છે. પરંતુ હજુ આગામી દિવસોમાં વાતાવરણમાં પલ્ટો આવવાની શક્યતા છે. માવઠુ પણ પડવાની શક્યતાઓ છે.

હજુપણ હવામાનમાં વારંવાર પલ્ટા આવે અને ઋતુ વિપરીત રહે. ગત દિવસોમાં હવામાનમાં ભારે પલ્ટા આવતા ઠંડી અને ગરમી બેવડી ઋતુનો અહેસાસ થવામાં હતો. માર્ચ માસના આગામી દિવસોમાં પણ ગરમી વધવા છતાં હવામાનમાં પલ્ટા થતાં ગરમ-ઠંડા પવનો જણાય. જ્યારે એપ્રિલ-મે માસમાં અસહ્ય ગરમી પડે. માર્ચ માસમાં હોળી બાદ ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી જવાની શક્યતા રહે.

ગત દિવસોમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હીમવર્ષા થવામાં હતી. જ્યારે આગામી દિવસોમાં પણ ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા, પવન સાથે ઠંડકનો વરસાદ અને ઘણા ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતાઓ રહેશે. જેની અસર તળે પશ્ચિમોત્તર ભાગોમાં પણ વાદળછાયુ જણાય અને દેશના ઉત્તરીય ભાગોમાં કરાં પડવાની પણ વકી રહે. માર્ચ તા. ૩ થી ૫માં પવન ફુંકાવાની શક્યતાઓ રહે.

તા. ૬ થી ૮માં વાદળો રહે. ગુજરાતના ભાગોમાં સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં પણ વાદળછાયુ જણાય. જેમાં તા. માર્ચ ૧૦ થી ૧૮ અને તા. ૨૧ આસપાસ હવામાનમાં પલ્ટા થતાં દરિયાકિનારે પવનનું જોર રહે. અને કેટલાક ભાગોમાં માવઠુ થવાની શક્યતા રહે. પલ્ટાતા હવામાનની અસર નીઘલતા પાકો પર તેમજ બાગાયતી ફળપાક પર થતી હોય છે.



## દિલ્હી પબ્લિક સ્કૂલનું ગૌરવ

ગુજરાત રાજ્ય ટેકવોન ડૉ એસોસિએશન દ્વારા ૨૬મી ગુજરાત સ્ટેટ ટેકવૉન ડૉ ચેમ્પિયનશીપનું અમદાવાદના ખોખરા સ્પોર્ટસ સંકુલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલના ખેલાડીઓએ એક ગોલ્ડ તથા બે સિલ્વર એમ કુલ ત્રણ મેડલ્સ પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યું છે. આ ત્રણ મેડલ્સમાં અવિ ગોરસિયાએ ગોલ્ડ મેડલ તથા કૃપલ પટેલ અને સૌરભ ચૌધરીએ સિલ્વર મેડલ હાંસલ કર્યા હતા.

# ...નશો કરવા સે. ૧૬નો યુવાન સાયકલ ચોરીના રવાડે ચઢ્યો

**સાયકલના ટાયરની ટ્યુબ સળગાવીને તેના ધુમાડાનો નશો કરવાનો વિચિત્ર શોખ હતો : ચોરીની બે સાયકલ સે. ૭ પોલીસે રીકવર કરી**

ગાંધીનગર, તા. ૨

પાટનગરમાં કેટલાક નશાખોર યુવાનો એ હદે નશાના માર્ગે ચઢી ગયા છે કે તેમને નશો કરવા માટે અનેક રસ્તાઓ અને વિચિત્ર સામગ્રીઓ શોધી કાઢી છે અને નશો કરવા ચોરી કરતા પણ અચકાતા નથી. કફ સીરપ, વ્હાઈટનરની સ્મેલ, પેટ્રોલની સ્મેલ, નેઈલ પોલીસની સ્મેલ, કોલ્ડડ્રીંક્સમાં સિગારેટની ગલ નાંખીને પીણુ પીવુ, સિગારેટમાં ચરસ-ગાંજો ભરીને કસ મારવો આ ઉપરાંત અનેક વિચિત્ર નશાઓ કેટલાક યુવા નશાખોરો કરી રહ્યા છે. એક વિચિત્ર પ્રકારનો નશો કરતો શખ્સ પોલીસ સકંજામાં આવ્યો છે. સાયકલના ટાયરની ટ્યુબ સળગાવી તેના ધુમાડાનો નશો કરતો આ શખ્સ ચોરીની બે સાયકલ સાથે સે. ૭ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૭ પોલીસમથકના પીએસઆઈ વી.આર. પ્રજાપતિ અને તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી ત્યારે એક શખ્સ બે સાયકલો દોરીને લઈ જતા શંકાસ્પદ હાલતમાં નજરે ચઢ્યો હતો. તેને પકડીને પુછપરછ કરતાં સેક્ટર-૧૬ ખાતે છાપરામાં રહેતો તારાચંદ ગોવિંદભાઈ બાવરી હોવાનું જાણવા મળ્યુ હતુ. સાઈકલો અંગે પુછતાછ કરતાં ચોરી કરી હોવાનું ખુલ્યુ હતુ. રૂ. ૬૫૦૦ની બે સાયકલોની રીકવરી કરી ઈન્ટ્રોગેશન કરતા સ્ફોટક વિગતો ખુલી હતી. સાયકલની ટાયરની ટ્યુબ નીકાળીને તેને સળગાવી તેના ધુમાડાનો નશો કરવાનો શોખ તેને હતો અને સાયકલો પણ આ નશા માટે જ ચોરતો હતો. પોલીસે તેની ધરપકડ કરી વધુ પુછપરછ આરંભી છે.

## આ નશો મોત નોંતરી શકે છે : સાયન્ટીફીક ઓફીસર

ગાંધીનગર એફએસએલ ખાતે ફરજ બજાવતા સાયન્ટીફીક ઓફીસર જી.પી. દરબારના જણાવ્યાનુસાર આ પ્રકારનું વ્યસન એક માનસિક રોગ છે. ટાયર કે ટ્યુબ સળગાવી તેના ધુમાડા સુંઘવાથી કોઈ નશો થતો નથી પરંતુ આ સ્મેલ એકવાર પસંદ આવી ગયા બાદ વ્યક્તિને મજા આવવા લાગે અને વારંવાર આ જ વ્યસન કરવા દોડે ત્યારે તે આ નશાનો આદી બની જાય છે. કાર્બનીક રસાયણો, સોલ્વન્ટ અને પોલી રેઈઝીન જેવા રસાયણોના મિશ્રણથી બનતા ટાયર ટ્યુબની સળગાવવાથી જે ધુમાડા નીકળે છે તેમાંથી કાર્બન ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઈડ વાયુ ઉત્પન્ન થાય છે. જે નાક વાટે ફેફસામાં જવાથી ફેફસાના રોગ, ટીબી જેવા રોગ પણ થઈ શકે છે અને લાંબા ગાળે જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

# ફોટો જર્નાલિસ્ટ કરણકપૂરની તસવીરોના પ્રદર્શનનો એનઆઈડી ખાતે પ્રારંભ

**શશિકપૂરના પુત્ર કરણકપૂરે કોલકાતા અને ગોવામાં લીધેલી એંસી અને નેવુંના દાયકાની તસવીરોનું પ્રદર્શન ૧૨મી માર્ચ સુધી ખુલ્લું રહેશે**

હિન્દી ફિલ્મોના પૂર્વ અદાકાર સ્વ. શશિકપૂરના પુત્ર લંડન સ્થિત વિખ્યાત ફોટોગ્રાફર કરણકપૂર દ્વારા લેવાયેલ તસવીરોના પ્રદર્શનનો આજે થી ૮ વાગ્યા દરમિયાન ખુલ્લું રહેશે.

'તસવીર' ગેલેરીનો એનઆઈડી કેમ્પસ ખાતે વર્ષ ૨૦૦૬થી પ્રારંભ કરાયો છે. અહીં કર્યું છે. તેઓએ તેમની ગોવાની મુલાકાતો દરમિયાન ત્યાંની પોર્ટુગીઝ સંસ્કૃતિ અંગે પણ અભ્યાસ કર્યો છે. આમ કોલકાતા અને ગોવાની બે



ગાંધીનગર નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન-એનઆઈડી કેમ્પસ ખાતેની 'તસવીર' ગેલેરીમાં પ્રારંભ થયો છે. 'ટાઈમ એન્ડ ટાઈડ' વિષયે યોજાયેલ આ ફોટોગ્રાફી પ્રદર્શન તા. ૧૨મી માર્ચ સુધી દરરોજ સાંજે ૪ ફોટોગ્રાફીને લગતા પ્રદર્શન આયોજિત કરાય છે. ફોટો જર્નાલિસ્ટ કરણકપૂર એડર્વટાઈઝ વિશ્વમાં અનેક જાણીતી બ્રાન્ડના કેમ્પેઈન સાથે જોડાયેલા છે. તેમણે કોલકાતા ખાતે વસતા એંગ્લો ઈન્ડિયન પરિવારો અંગે ખૂબ સંશોધન અલગ અલગ સામાજિક વિરાસતને આવરી લેતી એંસી અને નેવુંના દાયકાની કરણકપૂરની તસવીરો ગાંધીનગર એનઆઈડી ખાતેના 'ટાઈમ એન્ડ ટાઈડ' પ્રદર્શનમાં રજુ કરવામાં આવી છે.

## આજે ગાંધીનગરમાં ગીર ફાઉન્ડેશન ખાતે વિશ્વ વન્ય જીવ દિવસની ઉજવણી

ગાંધીનગર ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક ખાતે સંયુકત રાષ્ટ્ર વિશ્વ વન્ય પ્રાણી દિવસની ઉજવણી તા. ૩જી માર્ચ ૨૦૧૭ના રોજ સવારે ૧૦ વાગે થનાર છે. ગાંધીનગર વન્ય જીવ વિભાગનાં વડા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી જી.કે. સિંહાએ જણાવ્યું હતુ કે આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે વન અને આદિજાતિ રાજય મંત્રીશ્રી શબ્દશરણભાઈ તડવી તથા અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી આર.એલ.મીના ઉપસથિત રહેશે.

વન્ય પ્રાણી ટ્રોફી દહનનો કાર્યક્રમ યોજાશે તથા તાંત્રિક સેશનમાં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ અને ચેલેન્જીસ ઈન ઈન્વેસ્ટીગેશન ઉપર વન્ય પ્રાણી ક્રાઈમ સેલના મુખ્ય વન સંરક્ષકશ્રી એસ.પી. સિસોદીયા ક્રાઈમ વિભાગના અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી અનિલ પ્રથમ વકતવ્ય આપશે. પ્રોજેકટ સાયન્ટીસ્ટ વન્ય પ્રાણી સંસ્થાન દહેરાદૂનનાં ડો.શ્રી સુતિર્થ દત્તા તથા સાસણગીરના નાયબ વન સંરક્ષકશ્રી ડો.રામરતન નાલા પ્રવચન આપશે.

## લહીયા વિચાર મંડળની સ્થાપના અંગે વિચાર ગોષ્ટિ યોજાઈ

ગાંધીનગરના સે-૧૬ ખાતેની અંધશાળામાં લહીયા વાચક મંડળની સ્થાપના અંગેની વિચારણા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અમદાવાદના સર્વિસ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડના સંયુકત ઉપક્રમે વિચાર ગોષ્ટિનું આયોજન કરાયું હતું. ગોષ્ટિમાં અંધશાળાની બે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ દક્ષાબેન તળવી તથા સલમા લુહારે તેમના જીવનમાં શૈક્ષણિક કાર્યમાં પડેલ મુસીબતોનો ચિતાર આપવા સાથે તેમણે પડકારો ઝીલી વધુ સમર્થ બનવાનું પ્રેરક ઉદાહરણ આપી અન્યોને પ્રેરણાદાયી શીખ આપી હતી. આ પ્રસંગે અરૂણ બુચે તમામ રીતે સંસ્થાને સહાયભૂત થવાની હૈયાધારણ આપવા સાથે અન્યોને પણ સક્રીય યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. ગોષ્ટિમાં એસએબીના માનદમંત્રી જે.બી. પટેલ સહિત અન્ય શૈક્ષણિક, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૪ ગેસ સ્ટેશન પાછળ ઈન્ડીકા કાર સળગી ઉઠી

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે આવેલા જીએસપીસી ગેસ સ્ટેશનની પાછળના ભાગેથી પસાર થતી જીજે ૧૮ એ.સી. ૭૨૪૧ નંબરની ઈન્ડીકા કાર અચાનક સળગી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. કાર માલીક નંદકિશોર અંબાલાલ પરમારે કાર બ્રેક કરીને સમયસુચકતા દાખવી કારમાંથી બહાર નીકળી જતાં કોઈ ઈજા કે જાનહાની થવા પામી નથી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાનો કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. સદનસીબે આ ઘટનામાં મોટું નુકશાન થવા પામ્યું નથી.



